## રેગ્યુલર દીવાની મુકદમા નં.૫૫/૨૦૧૬.

(માનુબેન મસરીભાઈ ડોડીયા, વિ.(૪) **વિરૂધ્ધ** મસરીભાઈ હાજાભાઈ ડોડીયા,વિ.(૨))

## વાદીની આંક–૫ ની અરજી લગત હુકમ

(૧) વાદીઓએ હાલનો દાવો વેંચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા અને વેંચાણ વ્યવહાર રદજ કરવા ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમનો લાવી મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ વાદી નં. ૧ ના પતિ તથા વાદી નં. ૨ થી ૪ ના પિતા થાય છે અને પ્રતિવાદી નં. ૧ ની માલિકી કબ્જા ભોગવટાવાળી વડીલોપાર્જીત સર્વે નં. ૭ પૈકી ૪ એકર ૩–૦૮ ગુંઠા હે.૧–૨૯–૫૦ વાળી ખેતીની પીયતવાળી જમીન આવેલ છે, તેમાં વાદીઓ ખેતી કરી ગુજરાન ચલાવે છે. સદર તકરારી જમીન વડીલોપાર્જીત હોય વાદી નં. ૧ ના સસરા અને વાદી નં. ૨ થી ૪ ના દાદા હાજા વીરા કારડીયાના ભાઈએ ભાગે ખાતે દાખલ થયેલી અને તેમાં જમીન કપાત થતા એકર ૩–૦૮ ગુંઠા જમીન રેવન્યુ રેકર્ડે પ્રતિવાદી નં. ૧ ના ખાતે ખાતા નં. ૨૪૯ થી દાખલ થયેલી. આમ, સદરહું તકરારી જમીન વડીલોપાર્જીત મિલ્કત છે અને તેમાં વાદી નં. ૧ ના સસરા અને વાદી નં. ૨ થી ૪ ના દાદા તરફથી વારસાઈ હકકે પ્રતિવાદી નં. ૧ ને પ્રાપ્ત થયેલ છે અને તેમાં વાદી નં. ૧ નો તથા વાદી નં. ૨ થી ૪ નો જન્મથી હકક, હીત અધિકાર સમાયેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૨ અવાર નવાર જલોદર મુકામે આવતા જેથી પ્રતિવાદી નં. ૧ સાથે ગાઢ મિત્ર તાના સબંધ થયેલ હતા અને વિશ્વાસ થયેલ હતો અને પ્રતિવાદી નં. ૧ અભણ અને અજ્ઞાન હતા, જેથી સને : ૨૦૧૪ ના ઓગષ્ટ માસમાં પ્રતિવાદી નં. ૨ ના પ્રતિવાદી નં. ૧ ને માળીયા હાટીના મુકામે કામ પ્રસંગે તેડી ગયેલ, જયાં પ્રતિવાદીઓએ અંદરોઅંદર ગામે તે સમજીને દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ જોગ રૂા.૨,૫૦,૦૦૦/– માં વેંચાણ દર્શાવી, બોગસ, બનાવટી વેંચાણ દસ્તાવેજ ઉભો કરી સબ રજીસ્ટ્રાર કચેરી રુબરુ અનુક્રમ નં. ૭૭૮ થી તા.૨૨–૮–૨૦૧૪ ના રોજ રજીસ્ટર્ડ કરાવી દીધેલ, જેની જાણ વાદીઓને થવા દીધેલ નહી અને વાદીઓએ જાન્યુઆરી ૨૦૧૬ માં મહેસુલ ભરવાનો હોઈ તે જોવા માટે જતા તેઓને જાણવા મળેલ કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૨ ના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થઈ ગયેલ છે અને તપાસ કરતા તા.૨૫–૧–૧૬ ના રોજ દસ્તાવેજની ખરીનકલ મેળવેલ ત્યારે અમોને પ્રથમ વખત જાણ થયેલ કે જમીનનું વેંચાણ

થઈ ગયેલ છે. જેથી વાદી નં. ૧–૨ પ્રતિવાદી નં. ૨ ને રુબરુ મળી પુછતા પ્રતિવાદી નં. ૨ નાએ જણાવેલ કે, પોતાને વહીવટ સગવડતા માટે જરુર હતી એટલા માટે કરેલ છે હવે તે પ્રતિવાદી નં. ૧ ના નામે ફરીથી દસ્તાવેજ કરી નાખશે તેવું જણાવેલ અને  પ્રતિવાદી નં. ૧ ને પુછતા જણાવેલ કે, તેમને કાંઈ ખબર જ નથી કે દસ્તાવેજ થયેલ છે.  આમ, પ્રતિવાદીઓએ અંદરોઅંદર કંઈક સમજી લઈ બોગસ અને બનાવટી દસ્તાવેજ કરેલ છે. ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં. ૨ નાને અવાર નવાર કહેવા છતાં દસ્તાવેજ રદ કરાવેલ ન હોય અને દસ્તાવેજ રદ કરવો નથી, તમારે જવુ હોય ત્યાં જાવ તેમ જણાવતા વાદીએ હાલનો દાવો લાવી, દાવો ચાલતા દરમ્યાન દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં. ૨ કોઈને વેંચાણ, ગીરો, બક્ષીસ આપે નહી કે વાદીના કબ્જામાં હરકત અંતરાય ઉભો કરે કરાવે નહી કે કબ્જો છીનવે નહી તેવો વચગાળાના મનાઈહુકમ આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે વાદીના દાવા તથા મનાઈહુકમની અરજીની પ્રોસેસ પ્રતિવાદીઓને ધોરણસર બજી ગયેલ છે તેમ છતા પ્રતિવાદી નં. ૨ તરફે કોઈ હાજર રહી બચાવ કરેલ નથી, જેથી પ્રતિવાદી નં. ૨ સામે કામ એકસપાર્ટી ચલાવવાનો હુકમ થયેલ છે.

(૩) પ્રતિવાદી નં. ૧ નાએ હાજર થઈ આંક–૧૧ થી લેખીત જવાબ રજુ કરી વાદીની હકીકતોનો સ્વીકાર કરી મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ સાથે મિત્રતા હોય અને પ્રતિવાદી નં. ૧ અભણ અને અજ્ઞાન હોય તા.૨૨–૮–૧૪ ના રોજ પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ ને જણાવેલ કે, આપણે માળીયા જવુ છે, એક મિલ્કત ખરીદ કરેલ છે તેનો દસ્તાવેજ મારે કરવાનો છે, તમે સાક્ષી કરી દેજો તેમ જણાવતા પ્રતિવાદી નં. ૧ તેમની સાથે ગયેલ, પ્રતિવાદી નં. ૨ નાએ તેમના ફોટો તથા ઓળખકાર્ડ પોતાની પાસે જ હોય સાથે લીધેલ અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં વકીલ પાસે કાગળો તૈયાર હતા તેમાં ફોટો ચોડી અમારા અંગુઠાના નીશાન લીધેલ અને અમોને સમજાવેલ કે, સાહેબ પુછે તો કહેજો કે, હા વેંચાણનો દસ્તાવેજ છે. અમોને એમ કે પ્રતિવાદી નં. ૨ ના કોઈ મિલ્કત ખરીદ કરે છે તેમાં અમારી સાક્ષી કરાવે છે તેમ કહી અમારા અંગુઠાના નીશાન લઈ સબ રજીસ્ટ્રાર સાહેબ પાસે હાજર રાખી દસ્તાવેજ કરાવેલ જેની પ્રતિવાદી નં. ૧ ને આ અંગે કોઈ જાણ પણ ન હતી. આમ, પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ સાથે બનાવટ અને છેતરપીંડી કરેલ છે તેથી વાદીઓ દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે તેમ જણાવેલ છે.

(૪) વાદી તરફે તેમના દાવાના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

(૫) વાદીના વિ.વકીલશ્રી ધ્વારા આંક–૧૪ થી લેખીત દલીલ રજુ થયેલ છે. જયારે પ્રતિવાદી નં. ૧ તરફે પોતાના જવાબ મુજબ દલીલ હોવાનું જણાવેલ છે.

(૬) સદર અરજીના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે સગવડતા–અગવડતાની સમતુલાનું પલ્લું તેમની તરફેણમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ અંશતઃ હકારમાં.

મુદ્દા નં. ૨ અંશતઃ હકરમાં.

મુદ્દા નં. ૩ અંશતઃ હકારમાં.

મુદ્દા નં. ૪ આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.(૧) થી (૩) :**

(૮) સદર કામે ઉપરોકત ત્રણેય મુદાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોવાથી પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી આ તમામ મુદાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

(૯) સદર કામે વાદીઓની દાવા અરજી તેમજ મનાઈ અરજી વંચાણે લીધી તથા પ્રતિવાદી નં. ૧ તરફે રજૂ વાંધા જવાબ વંચાણે લીધા તેમજ પક્ષકારો તરફે રજૂ દસ્તાવેજી પુરાવા તેમજ બંને પક્ષોની દલીલો ધ્યાને લીધી. સદર કામે વાદીએ પોતાની મનાઈહુકમ અરજીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તકરારી મિલ્કત જલોદર ગામના સર્વે નં. ૭ પૈકી ૪ એકર ૩–૦૮ ગુંઠા હે.આ.ચો.મી. ૧–૨૯–૫૦ વાળી પીયતની જમીન આવેલ છે. વાદી નં. ૧ ના પતિ અને વાદી નં. ૨ થી ૪ ના પિતાના નામે સદર મિલ્કત આવેલ છે અને સદર મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત છે અને તેમાં વાદી નં. ૨ થી ૪ નો જન્મથી હકક, હીત, હીસ્સો સમાયેલ છે. વાદી તરફે નીશાની ૩/૧ થી ૩/૬ સુધીના રેવન્યુ ઉતારા રજુ થયેલ છે તે ધ્યાને લેતા તકરારી મિલ્કત પ્રતિવાદી નં. ૧ ના પિતાના ભાઈએ ભાગે આવેલી અને ત્યાર બાદ પ્રતિવાદી નં. ૧ ના નામે આવેલ વડીલોપાર્જીત મિલ્કત હોવાનું જણાય આવે છે. વાદી તરફે નીશાની ૩/૭ થી પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ ને તકરારી જમીન વેંચાણ કરી આપેલ દસ્તાવેજની નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા રૂા.૨,૫૦,૦૦૦/– ના અવેજથી પ્રત્યક્ષ કબ્જા સાથે પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ ને વેંચાણ આપેલાનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ રજુ થયેલ છે. વાદીના કથન મુજબ સદરહું જમીનમાં વાદીઓનું જન્મથી હકક, હીત સમાયેલ હોય પ્રતિવાદી નં. ૧ તકરારી મિલ્કતનું વેંચાણ કરવા હકકદાર નથી તેમજ પ્રતિવાદી નં. ૧ ને પ્રતિવાદી નં. ૨ નાએ છળકપટ કરી દસ્તાવેજ કરાવી લીધેલ છે અને તે હકીકતને પ્રતિવાદી નં. ૧ નાએ પણ સ્વીકૃતિ આપેલ છે. વધુમાં પ્રતિવાદી નં. ૧ નાએ આંક–૧૧ થી રજુ રાખેલ જવાબ ધ્યાને લેતા પણ પ્રતિવાદી નં. ૧ ને પ્રતિવાદી નં. ૨ નાએ ભોળવીને દસ્તાવેજ કરાવી લીધેલ હોવાની હકીકતને વાદીના દાવાની હકીકતને સમર્થન આપેલ છે. જયારે પ્રતિવાદી નં. ૨ નાને ધોરણસર પ્રોસેસની બજવણી થયેલ હોવા છતાં હાજર થઈ કોઈ ખુલાસો રજુ રાખેલ નથી કે કોઈ બચાવ રજુ રાખેલ નથી. વધુમાં વાદી તરફે રજુ થયેલ નીશાની ૩/૯ થી નીશાની ૩/૧૧ સુધીના રેવન્યુ ઉતારા ધ્યાને લેતા તકરારી મિલ્કત રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં. ના નામે દાખલ થયેલાનું જણાય આવે છે અને હાલમાં પ્રતિવાદી નં. ૨ નાઓ તકરારી મિલ્કતના ખાતેદાર જણાય આવે છે. તકરારી મિલ્કત વાદી નં. ૨ થી ૪ ની વડીલોપાર્જીત મિલ્કત છે અને તેમાં વાદીઓનો હકક, હીત અને હીસ્સો સમાયેલ છે કે કેમ તે હકીકત ટ્રાયેબલ ઈશ્યુ બનેલ છે, તેવા સંજોગોમાં હાલમાં તકરારી મિલ્કત રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં. ૨ ના નામે હોય અને રેવન્યુ

રેકર્ડમાં પણ પ્રતિવાદી નં. ૨ નું નામ હોય પ્રતિવાદી નં. ૨ તકરારી મિલ્કત અન્ય કોઈને વેંચાણ કરી નાખે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે. વધુમાં તકરારી મિલ્કતનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ ધ્યાને લેતા પણ પ્રતિવાદી નં. ૧ ધ્વારા પ્રતિવાદી નં. ૨ ને કબ્જા સહિત તકરારી મિલ્કત વેંચાણ આપેલાનો ઉલ્લેખ છે. જયારે વાદી ધ્વારા તકરારી મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો વાદીઓ પાસે છે તેવો કોઈ પ્રથમદર્શનીય પુરાવો રજુ રાખેલ નથી. જેથી વાદીઓનો પ્રથમદર્શનીય કબ્જો હોવાનું વાદીઓ બતાવી શકેલ નથી અને પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ સાથે છળકપટ કરી તકરારી મિલકતનો વેંચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે કે કેમ અને વાદીઓનો તકરારી મિલ્કતમાં હકક, હીત, હીસ્સો સમાયેલ છે કે કેમ તે પુરાવો લીધા બાદ જ નકકી થઈ શકે તેમ હોય તેમજ વાદીઓએ તકરારી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત છે અને તેમાં વાદીઓનું હકક, હીત, હીસ્સો સમાયેલ છે તેવું પ્ર થમદર્શનીય રીતે રેકર્ડ ઉપર બતાવેલ છે, તેવા સંજોગોમાં વાદીઓને જો મનાઈહુકમ આપવામાં ન આવે તો દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદી નં. ૨ તકરારી મિલ્કત અન્ય કોઈને વેંચાણ, ગીરો, બક્ષીસ કરી આપે તો વાદીઓને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગમાં ઉતરવું પડે તેમજ સગવડતા અગવડતાની દૃષ્ટિએ અને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાનની દૃષ્ટિએ જોઈએ તો પણ વાદીઓનું જયારે તકરારી વડીલોપાર્જીત મિલ્કતમાં હકક, હીત, હીસ્સો સમાયેલ હોય તેવા સંજોગોમાં મનાઈહુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદી મિલ્કતનું અન્ય કોઈને વેંચાણ કરી દયે તો વાદીને સહન કરવાનું થાય તેમ છે. આમ, વાદી તરફે ઉપરોકત મુદ્દાઓ પુરવાર કરવામાં અંશતઃ સફળ થતા હોય મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>—:: હુ ક મ ::—</u>**

(૧) વાદીની હાલની આંક—૫ ની મનાઈહુકમની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓએ માળીયા હાટીના તાલુકાના જલોદર મુકામે આવેલ સર્વે નં. ૭/પૈકી ૪ એકર ૩—૦૮ ગુંઠા હે.આ.ચો.મી. ૧—૨૯—૫૦ વાળી વાદગ્રસ્ત જમીન દાવાનો આખર નીકાલ ન આવે ત્યાં સુધી કોઈને વેંચાણ, ગીરો, બક્ષીસ કે ટ્રાન્સફર કરવી—કરાવવી

નહી તેવો દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદીઓને મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ : ૨૯ મી, માહે–ડીસેમ્બર સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મું. માળીયા હાટીના.
તારીખ : ૨૯/૧૨/૨૦૧૭.

(મોહંમદમકસુદ મોહંમદઈકબાલ શેખ)
મુખ્ય સિવિલ જજ,
માળીયા હાટીના.
(GJ-01294)